
The Patidars



# UNITED DIGITAL FRONT OF THE PATIDAR COMMUNITY

# એપ્લિકેશન વિશે


The Patidars એ એક મોબાઈલ એપ્લિકેશન છે કે જે સમાજના હજારો લોકોના અભિપ્રાયો, **ત્રણથી વધુ વર્ષની મહેનત** તથા અનેક **સામાજીક અગ્રણીઓ, નિષ્ણાંતો અને વડીલોના** માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ છે.

આજે પાટીદાર (પટેલ) સમાજ અનેક ક્ષેત્રોમાં ઊંચાઈઓ સર કરી રહ્યો છે જેમ કે ઉચ્ચ શિક્ષણ, વ્યાપાર, સંશોધન, ટેક્નોલોજી, કૃષિ, કળા અને સાહિત્ય, અને બીજું ઘણું બધું. "**The Patidars**" નો ઉદ્દેશ્ય છે કે પાટીદાર સમાજના બધા લોકો, સંસ્થાઓ, સમાજોને જોડવા જેથી બધા એક-બીજાની કુશળતા, સિદ્ધિઓ અને અનુભવોનો લાભ લઈ શકે.

વૈશ્વિક સ્તર પર પાટીદાર સમાજને એક તાંતણે જોડતું તથા ડિજિટલ ઓળખ આપતું એકમાત્ર માધ્યમ કે જેમાં આજની તથા આવનાર પેઢીની સામાજિક જરૂરિયાતો જેમ કે નોકરી, શિક્ષણ, વ્યાપાર, લગ્ન વિષયક, પટેલ સમાજો (સંસ્થાઓ), જાહેર ચર્ચાઓ, એકબીજા સાથેના પારિવારિક સંબંધો, પારિવારિક વૃક્ષો જેવી અનેક સુવિધાઓનો સમન્વય કરવામાં આવેલ છે.

એપ્લિકેશન દ્વારા **ગુજરાત, ભારત તેમજ વિદેશો** માં વસતા તમામ પાટીદારોને ડિજિટલ માધ્યમ દ્વારા એકઠા થવું શક્ય બન્યું છે.

વૈશ્વિક સ્તરે અત્યાર સુધીમાં **12+ દેશોના પાટીદારોએ** આ એપ્લિકેશનમાં રજીસ્ટ્રેશન કર્યું છે. જેમાં **ભારત, કેનેડા, ઑસ્ટ્રેલિયા, આફ્રિકા, ફિનલેન્ડ, કુવેત, આરબ દેશો, લંડન, અમેરિકા, જર્મની** અને બીજા ઘણા બધા દેશોનો સમાવેશ થાય છે.



# એપ્લિકેશનમાં રહેલ સુવિધાઓ



બિઝનેસ



લગ્ન વિષયક

જાહેર ચર્ચાઓ



ગામોની માહિતી





પ્રતિષ્ઠિત લોકો



વ્યવસાયોની માહિતી

પટેલ સમાજો (વાડીઓ)



સંબંધો






પરિવાર વૃક્ષ



આરોગ્ય

અટકોની માહિતી



શિક્ષણ





નોકરી



કાર્યક્રમો

જમીન/મકાન



એગ્રી હબ



# બિઝનેસ

પાટીદાર સમાજની આગવી ઓળખ તેમની કાર્ય કુશળતા, સત્યનિષ્ઠા અને વિશ્વસનીયતાને લીધે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. આ મૂળભૂત સિદ્ધાંતોને કારણે ભારતભરના જ નહીં પરંતુ દેશ વિદેશના વેપારીઓ પણ પાટીદાર સમાજ સાથે વ્યાપાર કરવાની ઈચ્છા ધરાવે છે. જેથી આ ગ્લોબલ પ્લેટફોર્મ સમાજને આર્થિક રીતે ઉપયોગી સિદ્ધ થશે.

સમાજ જ્યારે વ્યાપાર ક્ષેત્રે આગળ વધી રહ્યો હોય ત્યારે વ્યાપારના મૂળ પરિબળો જેમ કે સેલ્સ, પ્રોડક્શન, માર્કેટીંગ એક વિશેષ ભાગ ભજવતા હોય છે. ધ પાટીદાર્સ બિઝનેસ પ્લેટફોર્મ વ્યાપારીઓને B2B અને B2C બંને માધ્યમો પુરા પાડે છે.

લાખો પાટીદારો સુધી તમારી પ્રોડક્ટ / સર્વિસનું માર્કેટીંગ આંગળીના ટેરવે થઈ શકે તે માટે ધ પાટીદાર્સ બિઝનેસ પ્લેટફોર્મ દ્વારા બિઝનેસ પોસ્ટની પણ સુવિધા આપવામાં આવેલ છે.

સમયાંતરે જરૂરત પડ્યે લોકો પોતાની જરૂરિયાતો "બિઝનેસ આસ્ક" દ્વારા આ પ્લેટફોર્મ પર મુકી શકશે. જેમાં એને અનુરૂપ બિઝનેસ તેમાં રિપ્લાય આપી શકે છે.

જ્યારે વિશ્વસ્તરે આ બધા વ્યાપાર તથા પ્રોડક્ટ્સ પહોંચાડવા હોય અને ઈમ્પોર્ટ / એક્સપોર્ટની તકોનો વિસ્તાર કરવો હોય ત્યારે એક ઓનલાઈન ડિજીટલ પ્લેટફોર્મ અનિવાર્ય છે. જેને ધ્યાનમાં રાખીને "ધ પાટીદાર્સ બિઝનેસ પોર્ટલ" નું નિર્માણ થયેલ છે. જેનો વિસ્તાર આગામી સમયમાં વિશ્વભરના માર્કેટોમાં પણ કરવામાં આવશે.






# લગ્ન વિષયક

આજે સમાજમાં જ્યારે શિક્ષણનું સ્તર ઊંચુ આવી રહ્યુ છે ત્યારે સમાજના દિકરા-દિકરીઓ માટે યોગ્ય પાત્રની પસંદગી એ પરિવારો માટે એક ચિંતાનો વિષય બની રહ્યો છે.

ધ પાટીદાર્સ એપ્લિકેશનની લગ્ન વિષયક સુવિધા સમાજના લગ્ન ઈચ્છુક યુવક-યુવતીઓને અથવા તેમના પરિવારના સભ્યોને યોગ્ય પાત્રની પસંદગી માટે એક અતિઆધુનિક પ્લેટફોર્મ પુરૂ પાડે છે, જેમાં વ્યક્તિ પોતાની, દિકરા-દિકરી, ભાઈ-બહેન, ભત્રીજા-ભત્રીજી, ભાણેજ વગેરે જેવા પરિવારના સભ્યોની લગ્ન વિષયક પ્રોફાઈલ બનાવી શકે છે અને સામે તેમને અનુરૂપ પાત્ર શોધી શકે છે.

આ સુવિધામાં પાત્ર શોધતી વખતે વિવિધ ફિલ્ટરો જેવા કે શૈક્ષણિક લાયકાત, નોકરી / વ્યવસાયનો ક્ષેત્ર, વજન, ઊંચાઈ, ઉંમર, મૂળગામ, હાલનું ગામ / શહેર, બ્લડગ્રુપ, આવક વગેરેના ઉપયોગથી પોતાને મનપસંદ પાત્ર શોધી શકે છે અને પોતાનો બાયોડેટા આ સુવિધા દ્વારા ઑટોમેટિક બનાવી શકાય છે.




આ સુવિધામાં પાત્રનું પુરૂનામ, ઉંમર, વજન, ઊંચાઈ, પરિવારના સભ્યોની વિગત, મોસાળ પક્ષની વિગત, ગામ / શહેરની વિગત, શિક્ષણ, વ્યવસાય / નોકરીની વિગત, પાત્રના ફોટાઓ, શોખ, આવક, જમીન / મકાન વગેરે જેવી વિગતો જોઈ શકાય છે. જો પાત્ર પસંદ આવે તો "ઈન્ટરેસ્ટ મોકલો" બટન દબાવીને એક મેસેજ લખીને પોતાની પસંદગીની સામેના પાત્રને જાણ કરી શકે છે. ઈન્ટરેસ્ટ મોકલવા ઉપર તમારી કોન્ટેક્ટની વિગતો, એડ્રેસ અને બાયોડેટા સામેના પાત્રને મળી જશે. આજ રીતે જો સામે વાળું પાત્ર પણ ઈન્ટરેસ્ટ મોકલે તો તેમની વિગતો (કોન્ટેક્ટ, એડ્રેસ અને બાયોડેટા) તમને મળી રહેશે.

આ બધી વિગતો સાથે એક પ્રોફેશનલ બાયોડેટા પણ PDF રૂપે ઓટોમેટિક જનરેટ કરી આપવામાં આવે છે. જેમાં લગ્ન વિષયકને લગતી બધી જ માહિતીઓનો સમાવેશ કરી લેવામાં આવે છે.



# જાહેર ચર્ચાઓ

આખો પટેલ સમાજ જ્યારે એક જ પ્લેટફોર્મ પર જોડાયેલો હોય ત્યારે કોઈ પણ પ્રશ્ન, સમસ્યા, વિચાર પર સમગ્ર જ્ઞાતિજનો પોતાનો વિચાર પ્રસ્તુત કરી શકે છે અને તેનો ઉકેલ લાવી શકશે.

આ સુવિધા અલગ-અલગ વિભાગો જેવા કે શિક્ષણ, વ્યાપાર, ખેતી, આરોગ્ય, રમતગમત, નાણાકીય સમજ વગેરેને સંબંધિત ચર્ચાનો વિષય રજુ કરી શકે છે.

આ ચર્ચાઓ જાહેર હોવાથી એપ્લિકેશનમાં જોડાયેલા સમાજના પ્રત્યેક વ્યક્તિ આ બધા જવાબો / અભિપ્રાયો જોઈ શકે છે અને પોતાના મંતવ્યરૂપી જવાબ / અભિપ્રાયો રજુ કરી શકે છે અને સાથે સાથે બીજા વ્યક્તિઓના જવાબ / અભિપ્રાયને પસંદ / નાપસંદ કરી શકે છે.

સૌથી વધુ લાઈક મળેલ રિપ્લાયને "સૌથી અનુકૂળ રિપ્લાય" માં બતાવવામાં આવે છે.



# ગામોની માહિતી

પટેલ સમાજનું મૂળ હંમેશા માટી સાથે જોડાયેલું છે. ખેતીમાં પ્રાધાન્યતા હોવાને લીધે આપણા સમાજના લોકો ગુજરાતના અલગ-અલગ વિસ્તારો / ગામોમાં સ્થાયી થયેલા અને આ ગામોથી આપણી ઓળખ બનતી થઈ.

આજના આ આધુનિક યુગમાં લોકો ઉચ્ચ શિક્ષણ અને વ્યાપાર અર્થે વિવિધ શહેરો અને વિદેશોમાં સ્થાયી થઈ રહ્યા છે. જેને લીધે સમય જતા આવનારી પેઢી પોતાના મૂળ ગામ સાથેના જોડાણોથી અજાણ થતી જશે.

આ પરિસ્થિતીના નિવારણરૂપે "ગામોની માહિતી" સુવિધા ખુબ જ સારી રીતે ઉપયોગી થઈ રહી છે. આ સુવિધામાં લગભગ **18000+** ગામોની યાદીનો સમાવેશ થાય છે. જેમાં ગામના મૂળ વતનીઓની અને હાલ ત્યાં રહેતા લોકોની યાદી પ્રાપ્ત થઈ શકે છે. આ ઉપરાંત આ સુવિધામાં દરેક ભાઈઓ-બહેનો પોતાના મૂળ ગામો સાથેના જોડાણોના લાભ લઈને લગ્ન વિષયક, વ્યાપારો, નોકરીઓ, પરિવાર વૃક્ષો અને એકબીજા સાથેના સંબંધો, ગામમાં સમાવિષ્ઠ અટકો (શાખો) ની યાદી સરળતાથી પ્રાપ્ત કરી શકે છે.

આ એપ્લિકેશનમાં અત્યાર સુધીમાં **3100 થી પણ વધુ ગામો** ના પાટીદારોએ રજીસ્ટ્રેશન કરેલ છે.



# પ્રતિષ્ઠિત લોકો

આપણા સમાજના મહાનુભાવો કે જેઓ તેમની **પ્રતિબદ્ધતા, કર્મનિષ્ઠા, કાર્યકુશળતા** અને **અથાક પરિશ્રમ** દ્વારા વિવિધ ક્ષેત્રો જેવા કે માનવ કલ્યાણ, રાજનૈતિક, સંશોધન, ઉચ્ચ શિક્ષણ, વ્યાપાર અને અનેક સરકારી વિભાગોમાં ખુબ નિષ્ઠાપૂર્વક એક આગવી વિચારધારા સાથે કાર્યરત છે અથવા તો કાર્યરત રહી ચુક્યા છે અને સમાજનું ગૌરવ વધાર્યું છે તેવા લોકોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે.

આજની અને આવનારી પેઢી આ વ્યક્તિઓની જીવનશૈલી તથા વિચારધારાથી પ્રેરણા લઈને પોતે આ દિશાઓમાં આગળ વધી શકે તે હેતુથી એક અનોખી સુવિધા તૈયાર કરવામાં આવી છે.

આ સુવિધામાં વિવિધ કેટેગરીઓ જેવી કે સામાજિક કાર્યકર, રમત-ગમત, ઉદ્યોગ સાહસિક, રાજનીતિજ્ઞ વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. જેથી કરીને લોકો તેમની પસંદગી અનુસાર પ્રતિષ્ઠિત લોકોની માહિતી મેળવી શકે.

આપણા સમાજના પ્રતિષ્ઠિત લોકો જેમ કે **સરદાર વલ્લભભાઈ પટેલ, આનંદીબેન પટેલ, ભાવિનાબેન પટેલ (પેરાલિમ્પિક્સમાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય ટેબલ ટેનિસ ખેલાડી)**, વ્યવસાય ક્ષેત્રે અદભુત કામ કરનાર **ચંદુભાઈ વિરાણી (બાલાજી વેફર્સના સ્થાપક)** અને **અંજુબેન પાડલીયા (કાયાપલટના સ્થાપક)** જેવા ઘણા બધા લોકો વિશે વિસ્તૃતમાં માહિતી મેળવો.






# વ્યવસાયિક માહિતી

આજે કોઈ પણ વ્યક્તિ માટે શિક્ષણ, નોકરી અથવા બિઝનેસમાં આગળ કેવી રીતે વધવું એ ચિંતાનો વિષય હોય છે, જો તેમને આગળ વધવા માટે કોઈ પણ સલાહ સૂચનની જરૂરિયાત હોઈ તો તે આ સુવિધાના ઉપયોગથી વિવિધ ક્ષેત્રોમાં અલગ-અલગ હોદ્દાઓ પર રહેલા આપણા સમાજના લોકોની માહિતી મેળવી શકે છે.


અહીં વ્યવસાયનું મુખ્ય બે વિભાગમાં વર્ગીકરણ કરવામાં આવેલ છે. જેમાં ગવર્નમેન્ટ અને પ્રાઈવેટ સેક્ટરનો સમાવેશ કરેલ છે. જેથી લોકો તેમની પસંદગી અનુસાર ગવર્નમેન્ટ / પ્રાઈવેટ સેક્ટર સાથે સંકળાયેલ લોકોની માહિતી સરળતાપૂર્વક મેળવી શકે.




# પટેલ સમાજો (વાડીઓ)

આ સુવિધામાં આપણા પાટીદાર સમાજો / વાડીઓની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. જેમાં કોઈ પણ ગામ / શહેરમાં સમાજો / વાડી છે કે નહીં તે જાણી શકાય છે. આ ઉપરાંત તેમાં કઈ કઈ સુવિધાઓ છે, કેટલી જગ્યામાં તે બનેલ છે તે પણ બતાવવામાં આવે છે. જો કોઈ સમાજના ટ્રસ્ટ્રીઓ અને મંત્રીઓ હોય તો તેમની પણ માહિતી અહીં બતાવવામાં આવે છે. જો આ સુવિધામાં કોઈ ગામ / શહેરનો સમાજ કે વાડીની માહિતી ના હોય તો કોઈ પણ વ્યક્તિ તેમના ગામ / શહેરનો સમાજ / વાડી જરૂરી વિગતો ભરીને ઉમેરી શકે છે.

રજા દરમ્યાન અથવા કામકાજ અર્થે જો કોઈ વ્યક્તિને અન્ય કોઈ શહેરોમાં જવાનું થાય તો તે શહેરમાં તેમને રહેવા માટેની સુવિધા જાણવા પટેલ સમાજો (વાડીઓ) સુવિધા ખુબ ઉપયોગી થઈ શકશે.



# સંબંધો

સમય સાથે જ્યારે પરિવારો ટૂંકા થતા જાય છે, ત્યારે એકબીજા સાથેની ઓળખાણ ધીમે ધીમે વિલુપ્ત થતી જણાય છે. આ સુવિધા દ્વારા તમારા દૂર-દૂર સુધીના સગા-સંબંધીઓ સાથેનું જોડાણ અને તેમનું મૂળ ગામ અને હાલનું ગામ / શહેર જાણી શકાય છે.







# પરિવાર વૃક્ષ

સમય જતા આવનારી પેઢીને તેમની પહેલાંની પેઢીઓ વિશે ખ્યાલ નહી હોય, જેને ધ્યાનમાં લઈને "પરિવાર વૃક્ષ (આંબો)" ની સુવિધા બનાવવામાં આવી છે. જેમાં સમાજનો કોઈ પણ વ્યક્તિ તેને યાદ હોઈ તેટલી પેઢીઓ ઉમેરી શકે છે. અને એક બીજા સાથેના સંબંધોના જોડાણો પણ આપમેળે થતા જાય છે જેથી કરીને આવનારી પેઢી તે બધા લોકોને ઓળખી શકે.

આ સુવિધામાં કોઈ પણ વ્યક્તિ તેનું પરિવાર વૃક્ષ (આંબો) ફોટો સાથે ડાઉનલોડ કરી શકે છે અને તેમના પરિવારના સભ્યોને જુદા-જુદા માધ્યમો દ્વારા શેર પણ કરી શકે છે.






# આરોગ્ય

**ક્યારેય ધાર્યું હતું કે**
**અચાનક લોહીની જરૂરિયાત પડે તો તુરંત જ તે માટેની જાહેરાત તે વિસ્તાર / શહેરના લોકો સુધી પહોંચાડી શકાશે?**
**હા, હવે એ શક્ય બન્યું છે.**

ધ પાટીદાર્સની "હેલ્થકેર" સુવિધાથી જે લોકોએ છેલ્લા ૩ મહિનાની અંદર રક્તદાન ન કરેલ હોય, કોઈ બીમારી કે રોગ ના હોય અને જરૂરિયાત મુજબના લોહીના ગ્રુપ સાથે મેચ થતા હોય અને રક્તદાન કરવા માટે ઈચ્છુક હોય તો તેવા લોકોને આ એપ્લિકેશન દ્વારા લોહીની જરૂરિયાત માટે જરૂરી વિગતો સાથે માહિતગાર કરવામાં આવે છે.

જો લોહી આપવાની અનુકૂળતા હોય તો વ્યક્તિ તરત જ "રક્તદાન કરો" બટન ક્લીક કરીને પોતાનો સાથ સહકાર વ્યક્ત કરી શકે છે. આ કરવાની સાથે જેને લોહીની જરૂરિયાત દાખલ કરેલ છે તેમને સંપર્કની વિગતો સાથે જાણ કરી દેવામાં આવે છે. અને આ રીતે સહેલાઈથી સમાજના ભાઈ-બહેનો અચાનક આવેલી આ પરિસ્થિતીમાં એકબીજાને મદદરૂપ થઈ શકે છે.

આજે આપણી કોઈ પણ સામાજિક સંસ્થા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરી રહી હોય ત્યારે તે શહેર / વિસ્તારના સર્વે લોકોને ધ પાટીદાર્સ દ્વારા જાણ કરી શકાય છે.

આગામી સમયમાં સ્વાસ્થ્ય ક્ષેત્રમાં આપણા સમાજના વિવિધ કાર્યકુશળતા ધરાવતા તબીબોની યાદી વિસ્તાર / શહેર દ્વારા વિભાજીત સ્વરૂપે બતાવવામાં આવશે.



# અટકો (શાખો)ની માહિતી

અટકો (શાખો)ના નામ સમાજના લોકો દ્વારા કરવામાં આવતા કામો અથવા તેમના રહેણાંકના વિસ્તારો (ગામો) પરથી રાખવામાં આવેલ હોય છે.


આજે પટેલ સમાજની લગભગ **1300 થી વધુ** અટકોનો સમાવેશ હોવાથી કઈ અટક આપણા સમાજની છે તે જાણવું ખુબ જ કઠીન છે. જેના હલ સ્વરૂપે એપ્લિકેશનમાં "અટકોની માહિતી" ની સુવિધા આપવામાં આવેલ છે. આ સુવિધાના ઉપયોગથી એક અટકના લોકો ક્યાં-ક્યાં ગામે વસવાટ કરી રહ્યા છે તે પણ જાણી શકાશે. જેમાં કઈ અટકના કેટલા ભાઈઓ-બહેનો કઈ રીતે ઓળખીતા થાય છે તે પણ જાણી શકાય છે.

આજે જ્યારે ઘણા પરિવારો તેમની અટકોના સ્નેહમિલનના આયોજન કરતા હોય છે ત્યારે તે પરિવારના (અટકના / શાખના) લોકોને વિના મુલ્યે માહિતી પહોંચાડવી ખુબ જ સરળ બની ગઈ છે.



# શિક્ષણ

આ સુવિધા દ્વારા વિદ્યાર્થીઓ આપણા સમાજના અન્ય અનુભવી લોકો સાથે જોડાઈને મહત્વપૂર્ણ શૈક્ષણિક માહિતી પ્રાપ્ત કરી શકે છે.







UPCOMING

# નોકરી

આ સુવિધાના ઉપયોગથી પાટીદાર સમાજની કોઈ પણ વ્યક્તિ સરળતાથી નોકરી શોધી શકશે તથા પોતાના વ્યવસાય માટે યોગ્ય કર્મચારીઓ શોધી શકશે.







# કાર્યક્રમો

આ સુવિધા દ્વારા તમામ પાટીદારોને અગાઉ થઈ ચૂકેલા તેમજ હાલના અને આગામી સમાજના કાર્યક્રમોની માહિતી એપ દ્વારા મેળવી શકાશે.

# જમીન/મકાન

આ સુવિધાના ઉપયોગથી પાટીદાર સમાજની કોઈ પણ વ્યક્તિ પોતાની મિલકત (જમીન, મકાન વગેરે) ની લે-વેચ તથા ભાડે આપી શકશે.






# એગ્રી હબ

આ સુવિધાના ઉપયોગથી પાટીદાર સમાજના લોકો ખેતીને લગતી સરકારી યોજનાઓ તથા બદલાતા ભાવોની જાણકારી મેળવી શકશે અને ખેતીને લગતા ઓજારો વહેંચી અથવા ભાડે આપી શકશે.

# The Patidars

United digital front of the Patidar community



## Contact Now

Mobile No. : **+91 70160 30641**
E-mail : **thepatidars@gmail.com**
Support No. : **+91 79900 55791**
Whatsapp No. : **+91 77779 71796**

## Download & Registered Now

**The Patidars**

Available on

ANDROID

IOS

